# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# PM RAMKRUSHNA MATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા યુવા શક્તિને રાજકારણમાં જોડાવા અને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપવા હાકલ કરી.

અમદાવાદના સાણંદ નજીક લેખંબામાં રામકૃષ્ણ મઠ દ્વારા આયોજિત કાર્યક્રમને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધતા પ્રધાનમંત્રીએ યુવા શક્તિને દેશનું ભવિષ્ય ગણાવ્યું હતું.

## (બાઇટ- પીએમ મોદી)

શ્રી મોદીએ આ પ્રસંગે રાષ્ટ્ર નિર્માણમાં અને માનવતાના કાર્યમાં રામકૃષ્ણ મિશનના યોગદાનને બિરદાવયુ હતું.

શ્રી મોદીએ માનવ કલ્યાણ માટે આધ્યાત્મિકતા અને ટકાઉ વિકાસ વચ્ચે યોગ્ય સંતુલન રાખવા પર પણ ભાર મૂક્યો હતો.

શ્રી મોદીએ દેશમાં સામાજિક ઉત્થાનમાં સંતોના યોગદાનની પ્રશંસા કરી અને સ્વામી વિવેકાનંદને આધ્યાત્મિકતાની સાથે આધુનિક વિજ્ઞાનના પ્રબળ હિમાયતી ગણાવ્યા હતા.

--------------

# PMJAY HOSPITAL SUSPAND

PMJAY-મા યોજના અંતર્ગત ગેરરીતિ બદલ રાજ્યની વધુ પાંચ હોસ્પિટલને સસ્પેન્ડ કરવામાં આવી છે.. પ્રિ-ઓથ દરમિયાન લેબ

રિપોર્ટમાં છેડછાડ, યોજનાની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન, બી.યુ. અને ફાયર સેફ્ટી સર્ટિફિકેટના અભાવ સહિતના કારણોસર આ પાંચ હોસ્પિટલ્સને સસ્પેન્ડ કરાઇ છે..

આ સસ્પેન્ડ કરાયેલી હોસ્પિટલમાં પાટણની બે, દાહોદની એક, અમદાવાદ અને અરવલ્લીની એક-એક હોસ્પિટલનો સમાવેશ થાય છે. સસ્પેન્ડ કરાયેલી આ હોસ્પિટલોને ૫૦ લાખ સુધીનો દંડ અને ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી યોજનામાંથી સસ્પેન્ડની કાર્યવાહી કરાઇ છે. આ અગાઉ ગેરરીતી બદલ ગત અઠવાડિયામાં રાજ્યની કુલ પાંચ એમ્પેન્લ્ડ હોસ્પિટલ અને બે ડૉક્ટરને યોજના અંતર્ગત સસ્પેન્ડ કરાયા હતા..

-------------

## POLIO

રાજ્યના 18 જિલ્લાઓ અને પાંચ મહાનગરપાલિકામાં ગઈકાલથી શરૂ થયેલા પલ્સ પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત જન્મથી પાંચ વર્ષના બાળકોને બે ટીંપા પોલિયોના પીવડાવવામાં આવી રહ્યા છે.

તાપી જિલ્લામાં ગઇકાલથી ચાલી રહેલા પોલિયો નાબૂદી અભિયાન અંતર્ગત પહેલા જ દિવસે 93.47% નો લક્ષ્યાંક હાંસલ થયો છે. તાપી જિલ્લાનાં તમામ તાલુકાઓમાં ૬૭ હજાર ૫૦૦ બાળકોનાં લક્ષ્યાંક સામે આજે ૬૩ હજાર ૯૧ બાળકોને પોલિયોની રસી આપવામાં આવી છે.

બોટાદ જિલ્લામાં 367 બુથ, 757 ટીમ, 75 સુપરવાઇઝર અને એક હજાર 538 ટીમના સભ્યો દ્વારા પોલિયોની રસીના ટીપાં પીવડાવવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે આજથી 11 ડિસેમ્બર સુધી ઘરે ઘરે જઈને બાકી રહી ગયેલ જન્મથી 5 વર્ષ ના બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવશે.

--------------

## JUNAGADH ACCIDENT

જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના ભંડુરી પાસે આજે વહેલી સવારે બે કાર વચ્ચે અકસ્માત સર્જાતા 7 લોકોના મોત નિપજ્યા છે.

આ અકસ્માતમાં મૃત્યુ પામેલા સાતમાંથી પાંચ વિદ્યાર્થીઓ હતા. વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જઇ રહ્યા હતા, તે દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે કાર સળગતા ગેસના બોટલમાં વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટના પગલે અકસ્માત સર્જાયો હતો તે રસ્તાની બાજુમાં રહેલા ઝૂંપડામાં પણ આગ લાગી હતી. આ અકસ્માત બાદ પોલીસ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. જ્યારે વિસ્ફોટની તપાસ માટે એફએસએલની ટીમે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી.

--------------

# NATIONAL AWARD

મહિલા સશક્તિકરણ ક્ષેત્રે કાર્ય કરતી મહેસાણા સ્થિત અપરાજીતા ટ્રસ્ટની રમાબાઈ આંબેડકર રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર માટે પસંદગી કરાઈ છે.

આઠમી માર્ચ  આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે રાષ્ટ્રીય સંસ્થા ઉડાન દ્વારા આ એવોર્ડ એનાયત થશે.. મહિલાઓના કલ્યાણ માટે સમગ્ર દેશમાં કાર્યરત મહિલા સંસ્થાઓ તેમજ મહિલા વિશેષ વ્યકિત ગૌરવ પુરસ્કાર એનાયત થશે..

--------------

# VACCINATION

મહેસાણાના ઊંઝા ખાતે હેલ્થ મિશન અંતર્ગત મહિલાઓને સર્વાઈકલ કેન્સરની રસી આપવામાં આવી હતી.. સર્વાઇકલ કેન્સર સામે રક્ષણ મળી રહે તે માટે આ  રસી આપવામાં આવી હતી. આ વિસ્તારની 600 થી વધુ મહિલાઓને પ્રથમ ડોઝ અપાયો  હતો.

-------------